# આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાન શાળા

પ્રશ્નપત્રનું નામ: પ્રથમ કર્મગ્રંથ - કર્મવિપાક          પ્રશ્નપત્ર કોડ: **002**

તૈયાર કરનારનું નામ: આચાર્ય ભગવંત શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

પ્રાપ્તિસ્થાન : આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાન શાળા, ૧૨, શ્રેયાંસનાથ સોસાયટી, ધરણીધર દેરાસરની પાછળ, વાસણા, અમદાવાદ-7.

## પ્ર.1 જોડકા જોડો. (કોઈ પણ 100 ના 50 માર્ક)

### 1) કર્મ અને કોના જેવું

| | |
|---|---|
| 1. જ્ઞાનાવરણીય | A. - 2 મધથી લેપાયેલી તલવારની ધારને ચાટવા જેવુ |
| 2. દર્શનાવરણીય | B. - 2 કુંભાર જેવુ |
| 3. વેદનીય | C. - 4 પગમાં નખાયેલી બેડી જેવુ |
| 4. મોહનીય | D. - 5 રાજાના ભંડારી જેવુ |
| 5. આયુષ્ય | E. - 5 આંખના આડા પાટા જેવુ |
| 6. નામ | F. -9 દ્વારપાળ ચોકીદાર જેવુ |
| 7. ગોત્ર | G. - 28 મદિરા જેવુ |
| 8. અંતરાય | H. - 103 ચિતારા જેવુ |

### 2) બંધના 4 પ્રકાર

| | |
|---|---|
| 1. પ્રકૃતિ બંધ | A. કર્મની તીવ્રતા મંદતા નક્કી થવી તે |
| 2. સ્થિતિ બંધ | B. કર્મના દલિકો- પ્રદેશોનો સમૂહ |
| 3. રસ બંધ | C. કર્મનો સ્વભાવ નક્કી થવો તે |
| 4. પ્રદેશ બંધ | D. આત્માની સાથે કર્મને રહેવાનું કાળમાપ નક્કી થવુ તે |

### 3) અક્ષરના 3 ભેદ

| | |
|---|---|
| 1. સંજ્ઞાક્ષર | A. વક્તા પાસે સાંભળવા દ્વારા અને અનેક પુસ્તકોના વાંચન દ્વારા આત્મામાં પ્રગટ થતો જ્ઞાનાવરણીય કર્મનો જે ક્ષયોપશમ તે. |
| 2. વ્યંજનાક્ષર | B. જે શબ્દો મુખે ઉચ્ચારણ રૂપે બોલાય તે. |

| | |
|---|---|
| 3. લબ્ધ્યક્ષર | C. આકાર રૂપે જે અક્ષરો લખાય છે તે. |

## 4) નિદ્રા ના 5 પ્રકાર

| | |
|---|---|
| 1. નિદ્રા | A. દિવસે કે ઉપલક્ષણથી રાત્રે પણ ચિંતવેલા કાર્યને કરવાવાળી જે નિદ્રા તે. |
| 2. નિદ્રાનિદ્રા | B. મુશ્કેલીથી જાગૃતિ થાય જેમાં તે. |
| 3. પ્રચલા | C. ચાલતાને જે નિદ્રા આવે તે. |
| 4. પ્રચલા પ્રચલા | D. સુખે જાગૃતિ થાય જેમાં તે. |
| 5. થીણદ્ધિ | E. ઉભા રહેલાને કે બેઠેલાને જે નિદ્રા આવે તે. |

## 5) કર્મ- ભેદો

| | |
|---|---|
| 1. મોહનીય કર્મ | A. 2 |
| 2. ચારિત્ર મોહનીય કર્મ | B. 3 |
| 3. દર્શન મોહનીય કર્મ | C. 9 |
| 4. કષાય મોહનીય કર્મ | D. 16 |
| 5. નોકષાય મોહનીય કર્મ | E. 28 |

## 6) કષાય- ક્યા ગુણનો ઘાત કરનાર

| | |
|---|---|
| 1. અનંતાનુબંધી કષાય | A. સર્વ વિરતિ |
| 2. અપ્રત્યાખ્યાનીય કષાય | B. દેશ વિરતિ |
| 3.પ્રત્યાખ્યાનીય કષાય | C. યથાખ્યાન ચારિત્ર |
| 4.સંજ્વલન કષાય | D. સમ્યક્ત્વ |

## 7) કોના જેવુ છે ?

| | |
|---|---|
| 1. અનંતાનુબંધી માન | A. ઘાસના અગ્નિ જેવુ |
| 2. અનંતાનુબંધી ક્રોધ | B. નગરના અગ્નિ જેવુ |
| 3. અનંતાનુબંધી લોભ | C. બકરીની લીંડીના અગ્નિ જેવુ |
| 4. અનંતાનુબંધી માયા | D. હળદરના રંગ જેવુ |
| 5. પ્રત્યાખ્યાનીય માન | E. કાદવ- ગાડાંના પૈડાના મેલ જેવુ |
| 6. પ્રત્યાખ્યાનીય ક્રોધ | F. અંજન- કાજળ જેવુ |
| 7. પ્રત્યાખ્યાનીય લોભ | G. કિરમજીના રંગ જેવુ |

| | |
|---|---|
| 8. પ્રત્યાખ્યાનીય માયા | H. લાકડાની છાલ જેવુ |
| 9. અપ્રત્યાખ્યાનીય માન | I. પૃથ્વીમાં રેખા જેવુ |
| 10. અપ્રત્યાખ્યાનીય ક્રોધ | J. રેતીમાં રેખા જેવુ |
| 11. અપ્રત્યાખ્યાનીય લોભ | K. ઘેટાના શિંગડા જેવુ |
| 12. અપ્રત્યાખ્યાનીય માયા | L. ગોમૂત્રિકા જેવુ |
| 13. સંજ્વલન માન | M. કઠણ વાંસના મૂલ જેવુ |
| 14. સંજ્વલન ક્રોધ | N. પાણીમાં રેખા જેવુ |
| 15. સંજ્વલન લોભ | O. પર્વતમાં રેખા જેવુ |
| 16. સંજ્વલન માયા | P. નેતરની સોટી જેવુ |
| 17. સ્ત્રી વેદ | Q. હાડકા જેવુ |
| 18. પુરુષ વેદ | R. કાષ્ઠની સોટી જેવુ |
| 19. નપુંસક વેદ | S. પત્થરના થાંભલા જેવુ |

**8) શ્રુત ના પ્રકારો**

| | |
|---|---|
| 1. સાદિ શ્રુત | A. પ્રયોજનના વશથી જે વિશેષતા બતાવવી હોય તેટલી જ માત્ર વિશેષતા બતાવીને બીજા બધા પાઠના આલાવા એક જેવા સરખા હોય તે. |
| 2. અનાદિ શ્રુત | B. તીર્થંકર ભગવંતોની વાણી સાંભળીને ગણધર ભગવંતો જે શાસ્ત્રોની રચના કરે તે |
| 3. સપર્યવસિત શ્રુત | C. જે શ્રુત જ્ઞાનનો અંત ન આવે તે |
| 4. અપર્યવસિત શ્રુત | D. જે શ્રુત જ્ઞાનનો પ્રારંભ થાય તે |
| 5. ગમિક શ્રુત | E. જે શ્રુત જ્ઞાનનો અંત આવે તે |
| 6. અગમિક શ્રુત | F. જે શ્રુત જ્ઞાનનો પ્રારંભ ન થાય તે |
| 7. અંગ પ્રવિષ્ટ શ્રુત | G. ગણધર ભગવંતો પછી થયેલા સ્થવિર આચાર્ય ભગવંતોનું બનાવેલું જે શ્રુત તે. |
| 8. અંગ બાહ્ય શ્રુત | H. જ્યા સરખે સરખા પાઠો હોતા નથી તે. |

**9)**

| | |
|---|---|
| 1. પ્રાભૃત | A. એક એક પ્રાભૃત પ્રાભૃતના પેટા અધિકારો તે |
| 2. પ્રાભૃત પ્રાભૃત | B. એક એક પૂર્વમાં જુદા જુદા જે અધિકારો તે |
| 3. વસ્તુ | C. એક એક વસ્તુમાં નાનાં નાનાં પ્રકરણો પેટા અધિકારો તે |

| | |
|---|---|
| 4. અનુયોગ | D. એક એક પ્રાભૃતમાં નાનાં નાનાં વિષયોની ચર્ચા રૂપ ભિન્ન ભિન્ન પ્રકરણો સ્વરૂપ પેટા અધિકારો તે. |
| | E. વસ્તુ તત્ત્વની સૂક્ષ્મ વિચારણા કરવા માટે વ્યાખ્યાના ઉપાયભૂત સત્પદ પ્રરૂપણા, દ્રવ્ય પ્રમાણ ક્ષેત્ર આદિ પાડેલા જે નવ દ્વારો તે |

## 10) મતિ જ્ઞાનના ભેદ- કાળ

| | |
|---|---|
| 1. વ્યંજનાવગ્રહ | A. એક સમય |
| 2. (નૈશ્ચયિક)અર્થાવગ્રહ | B. જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી અસંખ્યાતા વર્ષ |
| 3. વાસના ધારણા | C. અંતર્મુહૂર્ત |
| | D. જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષ |

## 11) મતિજ્ઞાન

| | |
|---|---|
| 1. અર્થાવગ્રહ | A. વસ્તુનો નિર્ણય કરવો તે |
| 2. વ્યંજનાવગ્રહ | B. નિર્ણીત થયેલી વસ્તુ તત્ત્વમાંથી તે જ કાળે ઉપયોગને તે વિષયમાંથી અન્યત્ર ન લઈ જવો તે |
| 3. અપાય | C. “આ શું હશે” એવો જે વિચાર વિશેષ કરવો એટલે નિર્ણય તરફ આગળ વધવું તે |
| 4. ઈહા | D. “આ કંઈક છે” એવું અવ્યક્ત જ્ઞાન તે |
| 5. વાસના ધારણા | E. નિર્ણીત થયેલી વસ્તુ તત્ત્વના જામેલા સંસ્કારો તે |
| 6. અવિચ્યુતિ ધારણા | F. ઈન્દ્રિય અને વિષયનો સન્નિકર્ષ હોય પરંતુ જ્ઞાનની માત્રા જયા જણાતી ન હોય તે |

## 12) ક્યા નામ કર્મના ઉદયથી- શું થાય ?

| | |
|---|---|
| 1. બંધન નામ કર્મ | A. બીજા ઉપર ઉપકાર ન કરવા છતાં બીજાને વહાલો લાગે |
| 2. સંઘાતન નામ કર્મ | B. હિતકારક વચનો કહેવા છતાં પણ લોકો માન્ય ન કરે |
| 3. સંઘયણ નામ કર્મ | C. પોતાના શરીરના અવયવો જ પોતાને પીડે |

| | |
|---|---|
| 4. સંસ્થાન નામ કર્મ | D. નાભિની ઉપરના અવયવો શુભ પ્રાપ્ત થાય છે |
| 5. આનુપૂર્વી નામ કર્મ | E. ઉપકાર કરવા છતા સામેના માણસને અપ્રિય લાગે |
| 6. વિહાયોગતિ નામ કર્મ | F. અંગ-ઉપાંગોની યથાસ્થાને ગોઠવણી કરે |
| 7. પરાઘાત નામ કર્મ | G. શરીરમાં હાડકાની રચના મજબૂત અથવા શિથીલ મળે |
| 8. આતપ નામ કર્મ | H. ઔદારિક આદિ શરીરોની રચના કરવા માટે તેને યોગ્ય પુદ્ગલોનો જથ્થો એકઠો કરી આપે |
| 9. ઉધોત નામ કર્મ | I. સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેના માપવાળા કે માપ વિનાના અંગોની રચના- આકાર પ્રાપ્ત થાય |
| 10. નિર્માણ નામ કર્મ | J. સામેના બળવાન માણસો પણ દબાઈ જાય |
| 11. ઉપઘાત નામ કર્મ | K. ઔદારિકાદિ શરીર રૂપે રચેલા પુદ્ગલોનો અને પ્રતિસમયે નવા નવાગ્રહણ કરાતા ઔદારિકાદિ પુદ્ગલોનો પરસ્પર સંબંધ કરે. |
| 12. શુભ નામ કર્મ | L. હંસ જેવી સારી કે ઊંટ જેવી ખરાબ ચાલ મળે |
| 13. સૌભાગ્ય નામ કર્મ | M. એક ભવમાંથી બીજા ભવમાં જતા જીવને કાટખૂણાવાળા આકાશપ્રદેશોની પંક્તિને અનુસારે ઉત્પત્તિ ક્ષેત્ર તરફ વાળે |
| 14. દૌર્ભાગ્ય નામ કર્મ | N. પોતાનું શરીર અનુષ્ણ હોય અને શરીરમાંથી નીકળતો પ્રકાશ પણ અનુષ્ણ હોય. |
| 15. અનાદેય નામ કર્મ | O. પોતાનું શરીર અનુષ્ણ હોય પણ શરીરમાંથી નીકળતો પ્રકાશ ઉષ્ણ હોય |

**13) વજ્રઋષભનારાચ સંઘયણનો**

| | |
|---|---|
| 1. વજ્ર | A. પાટો |
| 2. ઋષભ | B. કીલિકા = ખીલી |
| 3. નારાચ | C. બન્ને બાજુ મર્કટ બંધ |

**14) ક્યા નામ કર્મના ઉદયથી- શું થાય ?**

| | |
|---|---|
| 1. હુંડક સંસ્થાન | A. શરીરમાં નાભિથી ઉપરનો ભાગ લક્ષણ અને પ્રમાણ વિનાનો હોય અને નાભિ નીચેનો ભાગ લક્ષણથી અને પ્રમાણથી યુક્ત હોય |
| 2. સાદિ સંસ્થાન | B. શરીરમાં નાભિથી ઉપરનો ભાગ લક્ષણવાળો અને નાભિની નીચેનો ભાગ લક્ષણ વિનાનો હોય. |

| | |
|---|---|
| 3. કુબ્જ સંસ્થાન | C. શરીરના સર્વ અંગો લક્ષણ હીન હોય |
| 4. ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન | D. મસ્તક, ગ્રીવા, હાથ અને પગ લક્ષણવાળા હોય અને બાકીના અંગો લક્ષણ હીન હોય |
| 5. વામન સંસ્થાન | E. મસ્તક, ગ્રીવા, હાથ, પગ લક્ષણ હીન હોય અને શેષ ઉર,ઉદર પીઠ ઈત્યાદિ અવયવો લક્ષણવાળા હોય |

## 15) આઠે કર્મની કેટલી પ્રકૃતિ હોય ?

| | |
|---|---|
| 1. બંધમાં | A. 103 |
| 2. ઉદયમાં | B. 120 |
| 3. સત્તામાં | C. 122 |
| | D. 158 |

## 16) મોહનીય કર્મની અને નામ કર્મની કેટલી પ્રકૃતિ હોય ?

| | | |
|---|---|---|
| 1. બંધમાં | A. 26 | A. 42 |
| 2. ઉદયમાં | B. 26 | B. 67 |
| 3. સત્તામાં | C. 28 | C. 67 |
| | D. 26 | D. 158 |
| | E. 28 | E. 103 |

## 17) બંધ આદિની વ્યાખ્યા

| | |
|---|---|
| 1. બંધ | A. ઉદયકાળને ન પામેલાને બળાત્કારે ઉદયમાં લાવવા |
| 2. ઉદય | B. બાંધેલા કર્મોની આત્મા સાથે વિધમાનતા |
| 3. ઉદીરણા | C. નવા નવા કર્મોનું આત્મા સાથે ચોંટવું |
| 4. સત્તા | D. પૂર્વે બાંધેલા કર્મોને ભોગવવા |

## 18) ક્યા કર્મના ઉદયથી – શું થાય ?

| | |
|---|---|
| 1. સાતા વેદનીય કર્મ | A. જીવ એવા કુળમાં ઉત્પન્ન થાય કે જે બુદ્ધિ, ધન અને રૂપ રહિત હોય તો પણ લોકમાં પ્રશંસા પામે |
| 2. અસાતા વેદનીય કર્મ | B. સાનુકૂળ સંજોગોની પ્રાપ્તિ થાય |

| | |
|---|---|
| 3. ઉચ્ચ ગોત્ર કર્મ | C. જીવ એવા કુળમાં ઉત્પન્ન થાય કે જે બુદ્ધિમાન, ધનવાન અને રૂપવાન હોવા છતા પણ નિંદા અને તિરસ્કારને પામે |
| 4. નીચ ગોત્ર કર્મ | D. પ્રતિકૂળ સંજોગોની પ્રાપ્તિ થાય |

## 19) અનુબંધ ચતુષ્ટય

| | |
|---|---|
| 1. મંગલાચરણ | A. આ ગ્રંથમાં જે કહેવાશે તે ક્યા ગ્રંથના આધારે કહેવાશે તે |
| 2. વિષય | B. આ ગ્રંથ શા માટે બનાવ્યો તે |
| 3. સંબંધ | C. આ ગ્રંથમાં શું કહેવાનું છે તે |
| 4. પ્રયોજન | D. ઉપકારી પરમાત્માને નમસ્કાર કરવો તે |

## 20) મતિજ્ઞાન

| | |
|---|---|
| 1. ક્ષિપ્રગ્રાહી | A. વસ્તુને નિશ્ચયપૂર્વક જાણે, અલ્પ પણ શંકા ન હોય તે |
| 2. અનિશ્રિતગ્રાહી | B. વસ્તુનું સ્વરૂપ એવું જાણે કે જે સદા રહે, ચાલ્યું ન જાય તે |
| 3. અસંદિગ્ધગ્રાહી | C. કોઈ પણ પ્રકારના લિંગનો આશ્રય લીધા વિના સ્વરૂપ માત્રથી જે જાણે તે |
| 4. ધ્રુવગ્રાહી | D. વિષય પ્રાપ્ત થતા જ ક્ષયોપશમની તીવ્રતાથી જલ્દી જાણે તે |

## પ્ર.2 ખાલી જગ્યા પૂરો. (કોઈ પણ 20 ના 10 માર્ક)

1.) કોઈ પણ ગ્રંથનો પ્રારંભ કરીએ ત્યારે પ્રારંભમાં જ 1.મંગલાચરણ, 2.વિષય(અભિધેય), 3.સંબંધ અને 4 પ્રયોજન આ ચાર વસ્તુઓ અવશ્ય હોય જ છે, તેને ___________________ કહેવાય છે.

A. બંધચતુષ્ટય
B. કર્મબંધચતુષ્ટય
C. અનુબંધચતુષ્ટય
D. કર્મવિપાકચતુષ્ટય

2.) પ્રથમ કર્મગ્રંથની પહેલી ગાથાના “सिरिवीरजिणं वंदिअ” આ પદમાં ___________________ છે.

A. વિષય બતાવેલ
B. મંગલાચરણ
C. પ્રયોજન બતાવેલ

D. સંબંધ બતાવેલ

3.) પ્રથમ કર્મ ગ્રંથની પહેલી ગાથાના "कम्मविवागं" આ પદમાં __________________ છે.

A. વિષય બતાવેલ
B. મંગલાચરણ
C. પ્રયોજન બતાવેલ
D. સંબંધ બતાવેલ

4.) આત્માની સાથે બંધાયેલુ કર્મ ________________ ની જેમ એકમેક થઈ જાય છે.

A. ઘી- દૂધ
B. ઘી- કેળા
C. ચણા- મમરા
D. ક્ષીર- નીર

5.) આત્માના પ્રદેશે પ્રદેશે __________________ વર્ગણાઓ મિથ્યાત્વાદિ હેતુઓને લીધે કર્મ સ્વરૂપે રૂપાન્તર થઈને એકમેક બની જાય છે અને તેનું ફળ આપ્યા વિના આત્માથી છૂટા પડતા નથી.

A. અસંખ્ય- અસંખ્ય કાર્મણ
B. અસંખ્ય- અસંખ્ય મનો
C. અનંત- અનંત કાર્મણ
D. અનંત- અનંત મનો

6.) શુભ કર્મના રસને સમજાવવા __________________ના રસનું દ્રષ્ટાન્ત અને અશુભ કર્મના રસને સમજાવવા _______________ ના રસનું દ્રષ્ટાન્ત શાસ્ત્રોમાં આવે છે.

A. લીંબુ
B. શેરડી
C. ટામેટા
D. લિંમડા

7.) _______________એટલે ઈન્દ્રિય વડે જણાતા વિષયમાં દ્રવ્યના ભેદને જાણી શકે તે,જેમ વાજિંત્રોના અવાજ સંભળાતા કોઈ મનુષ્ય આ આવાજમાં શંખ, નગારા, ઝાલર, ભેરી, મૃદંગ વાગે છે એમ શબ્દ ઉપરથી વાજિંત્રને જુદા જુદા જાણી શકે તે.

A. બહુગ્રાહી
B. બહુવિધગ્રાહી
C. ક્ષિપ્રગ્રાહી
D. ધ્રુવગ્રાહી

8.) __________________ એટલે વિષયમાં દ્રવ્યના ભેદને જાણવા ઉપરાંત તેના ગુણધર્મોને પણ પૃથક્ પૃથક્ જાણી શકે એવો તીવ્ર ક્ષયોપશમ, જેમ કે વાજિંત્રોના જે આ શબ્દ સંભળાય છે તેમાં શંખ, નગારા, ઝાલર આદિનો ભેદ તો જણાય જ તદ્ઉપરાંત કયુ વાજિંત્ર તાલમાં વાગે છે કયું ખોખરું વાગે છે ક્યું તાલ બહાર વાગે છે. ઈત્યાદિ ગુણ ધર્મોને પણ જાણે તે.

A. બહુગ્રાહી
B. બહુવિધગ્રાહી
C. ક્ષિપ્રગ્રાહી
D. ધ્રુવગ્રાહી

9.) અવિચ્યુતિ ધારણાનો કાળ _____________ છે.

A. એક સમય
B. અંત ર્મુહૂર્ત
C. એક ર્મુહૂર્ત
D. એક કલાક

10.) જાતિ સ્મરણ જ્ઞાનનો ________________ માં સમાવેશ થાય છે.

A. મતિ જ્ઞાન
B. શ્રુત જ્ઞાન
C. અવધિ જ્ઞાન

D. મન: પર્યાય જ્ઞાન

11.) જે અવધિ જ્ઞાન ધીમે ધીમે ઘટતું જાય તે_________________અને એક સાથે સર્વથા ચાલ્યુ જાય તે __________________ કહેવાય છે.

A. પ્રતિપાતી
B. અપ્રતિપાતી
C. અનનુગામી
D. હીયમાન

12.) આત્માને બાંધેલ કર્મો ઉદયમાં આવે ત્યારે શું શું ફળ આપે ? તે વિષય આ પ્રથમ કર્મગ્રંથમાં સમજાવાશે, તેથી આ ગ્રંથનું નામ ________________ રાખેલ છે.

A. કર્મ
B. કર્મફળ
C. વિપાક
D. કર્મવિપાક

13.) દ્રષ્ટિવાદ નામના બારમા અંગમાં આવેલા ચૌદ પૂર્વોમાંથી બે, ત્રણ, ચાર યાવત્ ચૌદ પૂર્વોનું જ્ઞાન અને દ્રષ્ટિવાદનું જે જ્ઞાન તે ______________________ .

A. અનુયોગ શ્રુત
B. અનુયોગ સમાસ શ્રુત
C. પૂર્વ શ્રુત
D. પૂર્વ સમાસ શ્રુત

14.) સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય આ __________________કર્મના ત્રણ પ્રકાર છે.

A. મોહનીય
B. ચારિત્ર મોહનીય
C. દર્શન મોહનીય
D. કષાય મોહનીય

15.) જેમ નાલીકેર દ્વીપવાસી મનુષ્યને અન્ન ઉપર પ્રીતિ- અપ્રીતિ હોતી નથી, તેમ____________________ કર્મના ઉદયથી આ જીવને જૈન ધર્મ ઉપર રાગ કે દ્વેષ હોતો નથી.

A. સમ્યક્ત્વ મોહનીય
B. મિશ્ર મોહનીય
C. મિથ્યાત્વ મોહનીય
D. કષાય મોહનીય

16.) ત્રણ પ્રકારની સંજ્ઞાઓમાંથી ____________________ સંજ્ઞાની અપેક્ષાએ શાસ્ત્રોમાં સંજ્ઞી- અસંજ્ઞીપણાનો વ્યવહાર થાય છે માટે તે સંજ્ઞાવાળા આત્મામાં પ્રાપ્ય થયેલું જે શ્રુતજ્ઞાન તે સંજ્ઞા શ્રુત.

A. હેતુવાદોપદેશિકી
B. દીર્ઘકાલિકી
C. દ્રષ્ટિવાદોપદેશિકી
D. ઓઘ

17.) ____________________કર્મના ઉદયથી જીવને પોતાનુ શરીર પોતાને ભારે પણ ન લાગે અને હલકું પણ ન લાગે.

A. નગુરૂ ન લઘુ નામ
B. નલઘુ નગુરૂ નામ
C. અલઘુગુરૂ નામ
D. અગુરુલઘુ નામ

18.) ____________________ કર્મના ઉદયથી જીવ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી શકે, ત્રણે જગતને પૂજનીય બને.

A. ઉદ્યોત નામ
B. આતપ નામ
C. તીર્થંકર નામ
D. નિર્માણ નામ

19.) સૌભાગ્યત્રિક એટલે ____________________ આ ત્રણ નામ કર્મ.

A. સૌભાગ્ય, આદેય અને યશ
B. સૌભાગ્ય, પ્રત્યેક અને સ્થિર
C. સૌભાગ્ય, બાદર અને પર્યાપ્ત
D. સૌભાગ્ય, સુસ્વર અને આદેય

20.) અગુરુલઘુચતુષ્ક એટલે _________________ આ ચાર નામ કર્મ.

A. અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત અને ઉચ્છવાસ
B. અગુરુલઘુ, આતપ, ઉધોત, નિર્માણ
C. અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ, ઉપઘાત
D. અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, નિર્માણ

## પ્ર.3 વ્યાખ્યા લખો. (કોઈ પણ 20 ના 20 માર્ક)

1. કર્મ
2. મતિ જ્ઞાન
3. શ્રુતજ્ઞાન
4. અવધિ જ્ઞાન
5. મન: પર્યાય જ્ઞાન
6. કેવલ જ્ઞાન
7. ઔત્પાતિકી બુદ્ધિ
8. વૈનયિકી બુદ્ધિ
9. કાર્મિકી બુદ્ધિ
10. પારિણામિકી બુદ્ધિ
11. ભાવથી સમ્યક્શ્રુત
12. દર્શન મોહનીય કર્મ
13. ચારિત્ર મોહનીય કર્મ
14. સમ્યક્ત્વ
15. ઔપશમિક સમ્યગ્દર્શન
16. ક્ષાપોપશમિક સમ્યગ્દર્શન
17. ક્ષાયિક સમ્યગ્દર્શન
18. દાનાન્તરાય કર્મ
19. લાભાન્તરાય કર્મ
20. ભોગાન્તરાય કર્મ
21. ઉપભોગાન્તરાય કર્મ
22. વીર્યાન્તરાય કર્મ

## પ્ર.4. (કોઈ પણ 8 ના 16 માર્ક)

1. પાંચે જ્ઞાનના 51 ભેદ કેવી રીતે થાય તે સામાન્યથી લખો.
2. મતિ જ્ઞાનના 340 ભેદો કેવી રીતે થાય તે સામાન્યથી લખો.
3. ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ અને વિષય શા માટે કહેવામાં આવે છે?
4. પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, રસબંધ અને પ્રદેશ બંધને મોદકના દ્રષ્ટાન્તથી સમજાવો.
5. જ્ઞાનાવરણીય કર્મના કર્મબંધના કારણો લખો.
6. અસાતાવેદનીય કર્મના કર્મબંધના કારણો લખો.
7. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મના કર્મબંધના કારણો લખો.
8. નરક આયુષ્ય અને તિર્યંચ આયુષ્ય કર્મના કર્મબંધના કારણો લખો.
9. અશુભ નામ કર્મના કર્મબંધના કારણો લખો.
10. નીચ ગોત્ર કર્મના કર્મબંધના કારણો લખો.
11. અંતરાય કર્મના કર્મબંધના કારણો લખો.
12. નામ કર્મની 103 પ્રકૃતિમાંથી કઈ કઈ પ્રકૃતિઓ ઓછી કરીએ તો 67 પ્રકૃતિ થાય.

## પ્ર. 5 (4 માર્ક)

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય આ પ્રમાણે આઠે કર્મની ગોઠવણ-રચનાના ક્રમનું કારણ શું છે?